Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Dec. 2021, Year - 8 (104)
www.researchreviewonline.com Paper ID: RRJ970252

# વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોના સામાજીક સમાયોજનનો અભ્યાસ :વ્યવસાયના સંદર્ભમાં

:સંશોધક:

**પૂજા આર. ડોડિયા**
રીસર્ચ સ્કોલર, મનોવિજ્ઞાન વિભાગ
સી. યુ. શાહ યુનીવર્સીટી, વઢવાણ શહેર

**ડૉ. કિન્નરીબેન માંકડ**
મદદનીશ પ્રાધ્યાપક,
સી. યુ. શાહ યુનીવર્સીટી, વઢવાણ શહેર

**ડૉ. જીજ્ઞેશ એચ. ટાપરિયા**
મદદનીશ પ્રાધ્યાપક અને અધ્યક્ષ,
મનોવિજ્ઞાન વિભાગ,
ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ (સાંજની) અમદાવાદ

---

**પ્રસ્તાવના :-**

મનુષ્ય જન્મથી માંડીને મૃત્યુ સુધી સમાજમાં રહીને પોતાનું જીવન જીવે છે. જીવન દરમ્યાન મનુષ્ય દરેક અવસ્થામાંથી પસાર થવું પડે છે. મનુષ્ય જીવનના વિકાસ અવસ્થાના તબક્કામાં બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃધ્ધાવસ્થા આ ત્રણ તબક્કાઓ ખૂબ જ મહત્વના છે. દરેક અવસ્થામાં શારીરિક, માનસિક ફેરફારો થાય છે. મનુષ્યની વૃદ્ધિ અટકી જાય છે અમુક સમય પછી, પરંતુ વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. આજે માનવી પોતાની જીવન જરૂરીયાતો સંતોષવા તેમજ સુખ-શાંતિ પ્રાપ્ત કરવા માટે ઘડિયાળના કાંટાની જેમ દોડે છે. આધુનિક યુગવિજ્ઞાનિક અને ટેક્નોલોજીનો હોવાથી મનુષ્યો પણ યંત્રવતુ થતા જાય છે.

આધુનિક ટેકનોલોજીને કારણે વિશ્વ નાનું થઈ ગયું છે. વિશ્વમાં રહેલા માનવીઓ પણ યંત્રોની જેમ દોટ મૂકે છે. માનવજીવન પણ વધુને વધુ જટીલ બનતું ગયું છે. માનવીમાં રહેલ મૂલ્ય શિક્ષણ ઘટતું જાય છે. મનુષ્યમાં રહેલી દયા, ભાવના, પ્રેમ, હમદર્દી દિવસેને દિવસે ઘટતી જાય છે. માનવી ભદ્રસમાજમાં પ્રતિષ્ઠા મેળવવા માટે પોતાના ઘરના સભ્યોને સમય નથી આપી શકતો. ખાસ કરીને ઘરમાં રહેતા વૃદ્ધો તરફ ધ્યાન આપી શકતો નથી. વૃદ્ધોની પણ

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ970252

ઘણી સમસ્યાઓ હોય છે. કારણ કે વૃધ્ધાવસ્થામાં વ્યક્તિની દરેક પ્રકારની શક્તિ ક્ષિણ થઈ જાય છે. વૃદ્ધાવસ્થામાં ઘણીવાર વૃધ્ધો પણ પોતાના સ્વભાવને કારણે ઘરમાં સમાયોજન સાધી શકતા નથી. વૃધ્ધોને પોતાનું જીવન બીજાને આધારે જીવવું પડે છે. વૃદ્ધોને આધારે મોટા થનાર પોતાના જ સંતાનોને પોતાના માતા-પિતાને વૃધ્ધાવસ્થામાં આધાર આપવો ગમતો નથી. જેને કારણે વૃધ્ધોની જવાબદારીથી મુક્ત થવા માટે પોતાના જ વૃદ્ધ માતા-પિતાને વૃધ્ધાશ્રમમાં મુકવામાં આવે છે.

વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોને પોતાના ઘર, પુત્રોથી દૂર રહેવું પડતું હોવાથી સામાજીક સમાયોજન અનુભવાય છે. સમૂહમાં રહેતા હોવાથી ક્યારેક માનહાનિ પણ થાય છે. વૃધ્ધોએ ઘણી સમસ્યામાંથી પસાર થવું પડે છે અને સમસ્યાઓની હારમાળા હોય છે. જેવી કે, વૃધ્ધોની શારીરિક શક્તિ ક્ષીણ થઈ ગઈ હોવાથી પોતે સામાજીક સમાયોજન અનુભવે છે. અહમ ઘવાય છે. તેમજ ઘણી સમસ્યાઓ હોવાથી સમાયોજન સાધવામાં મુશ્કેલીઓ પડે છે. વૃધ્ધોની સમસ્યાનું સમાયોજન સાધવા માટે મદદરૂપ થઈ શકે તે વિચારથી સંશોધકે પ્રસ્તુત સમસ્યા પર અભ્યાસ કરવાનું પસંદ કરેલ છે.

**સમસ્યા કથન:-**

**"A Study of Social Adjustment among Old Age Citizen: Reference to Vocation"**

"વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોમાં **સામાજિક** સમાયોજનનો અભ્યાસ. :વ્યવસાયના સંદર્ભમાં"

**સંશોધનના હેતુઓ:-**

(૧) વ્યવસાયના સંદર્ભમાં વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોના **સામાજિક** સમાયોજન અને જાણકારી મેળવવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

$Ho_1$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_2$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_3$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_4$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને મજુરી વ્યવસાય ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_5$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ નોકરી અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_6$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ નોકરી અને કૌશલ્ય વ્યવસાય કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_7$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોના વ્યવસાયના સંદર્ભ નોકરી અને મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_8$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ધંધો કરતા અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_9$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ધંધો કરતા અને મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

$Ho_{10}$ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ કૌશલ્ય વ્યવસાય કરતા અને મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

**સંશોધનના પરીવર્ત્ય:-**

પરીવર્ત્યને ચલ કે રાશિ તરીકે પણ ઓળખવામાં આવે છે. પરીવર્ત્યનો શાબ્દિક અર્થ થાય છે. 'વેરી કરવું' કે 'પરિવર્તન કરવું', પરીવર્ત્યના વિવિધ પ્રકારો હોય છે. કોઈ વસ્તુ ઘટના કે એવા ચલ કે સ્થિતિને પરીવર્ત્ય કહે છે. જેમાં બે બાબતો જોવા મળતી હોય.

એક તો એ કે તેમાં માત્રાત્મક પરિવર્તન શક્ય હોય અને તેને માપી શકાય. બીજી બાબત એ છે કે તે પોતે અસર પામી શકે અથવા બંનેને અસર પહોંચાડી શકે. અલગ-અલગ મનોવૈજ્ઞાનિકોએ પરિવર્યોની વ્યાખ્યા નીચે મુજબ છે.

પોસ્ટમેન અને ઈગન(૧૯૯૫)ના મત મુજબ

"પરિવર્ત્ય એવું લક્ષણ છે, જેમાં અનેક પ્રકારના મૂલ્યો હોઈ શકે."

ડી. એમેટો(૧૯૮૦ના મત અનુસાર

વસ્તુઓ", ઘટનાઓ અથવા વ્યક્તિઓના માપી શકાય તેવા કોઈ પણ ગુણધર્મ અથવા લક્ષણને પરીવર્ત્ય કહે છે."

**સ્વતંત્ર પરિવર્ત્ય :-**

સામાન્ય રીતે સ્વતંત્ર પરિવર્ત્ય એ માપન કરાતા વર્તન પાસા ઉપર અસર કરતું એવું પરીવર્ત્ય છે, જેનું પ્રયોગ કરતાં સીધુ અથવા પસંદગીની પ્રક્રિયા દ્વારા હસ્ત પ્રયોજન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્વતંત્ર પરિવર્ત્ય એટલે પ્રયોગમાં પરિવર્તુની અસર તપાસવાની છે, તેવું પરીવર્ત્ય

પ્રસ્તુત સંશોધનમાં નીચે પ્રમાણેના સ્વતંત્ર પરિવર્ત્યો અને તેની કક્ષા છે.

| ક્રમ | સ્વતંત્ર પરીવર્ત્ય | કક્ષાઓ |
|---|---|---|
| ૧ | વ્યવસાય | 1. ખેતી<br>2. નોકરી<br>3. ધંધો<br>4. કૌશલ્ય<br>5. મજુરી |

**પરતંત્ર પરિવર્ત્ય:-**

સ્વતંત્ર પરિવર્ચના હેત પ્રયોજનથી જે વાર્તનિક પરિવર્ત્ય ઉપર અસર થાય છે. તેને નિરીક્ષિત કે આધારિત પરિવર્ત્ય કહેવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં નીચેના પરીવર્ત્યને પરતંત્ર પરિવર્ત્ય તરીકે નક્કી કરવામાં આવ્યા હતા.

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ970252

**૧. વૃધ્ધોનું સમાયોજન:**

**સંશોધનના સાધનો:-**

સંશોધનની શુદ્ધતા તથા સફળતા તેના દ્વારા મેળવવામાં આવેલી શુદ્ધ સાચી માહિતી પર આધાર રાખે છે. સંશોધક પોતાના અધ્યયનને સફળ બનાવવા જદા જુદા સાધનોનો ઉપયોગ કરે છે.

સંશોધક દ્વારા રચવામાં આવેલ ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે તથા અધ્યયનને સાર્થક બનાવવા માટે સંશોધક યોગ્ય સાધનની પસંદગી કરે છે. પ્રસ્તુત માહિતી મેળવવા માટે નીચેના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યક્તિગત માહિતી પત્રક:**

વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોની વ્યક્તિગત બાબતો અંગેની માહિતી મેળવવા માટે સંશોધક દ્વારા વ્યક્તિગત માહિતી પત્ર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં વૃધ્ધોની જાતિનો પ્રકાર, વૃધ્ધોનું શિક્ષણ અને વૃધ્ધો ક્યા વિસ્તારમાંથી આવે છે, વૃધ્ધાશ્રમનું વાતાવરણ, વૃધ્ધાવસ્થામાં પડતી મુશ્કેલીઓ, વૃધ્ધોની માસિક વ્યવસાય વગેરેની માહિતી એકત્રિત કરવા માટે વ્યક્તિગત માહિતી પત્રક તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત નીચે મુજબની તુલાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો .

૧ . સામાજિક **સમાયોજન** માપન તુલા

**સંશોધનનો નિદર્શ:**

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં વૃધ્ધાશ્રમમાં રહેતા ૪૮૦ વૃધ્ધોને પસંદ કરવામાં આવ્યા હતા.

**માહિતી એકત્રીકરણ:**

પ્રસ્તુત સંશોધનમાં વૃદ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોના સામાજીક સમાયોજનનો અભ્યાસ કરવાનો હેતુ છે. તેને ધ્યાનમાં રાખીને જે ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી તેની ચકાસણી કરવાના હેતુથી વિશ્વસનીય અને આધારભૂત તથા પ્રામાણિક માહિતી એકઠી કરવા માટે યોગ્ય પ્રામાણિક સાધનો મેળવવા આવશ્યક છે. તેથી અહી એવી સંશોધનિકાઓ તથા

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ970252

પ્રશ્નાવલી વાપરવામાં આવી છે જેની વિશ્વસનીયતા તથા યથાર્થતા ઉચ્ચ જોવા મળેલ હતી.

હેતુને આધારે કુલ ૪૮૦ વૃધ્ધોના નિદર્શને ધ્યાનમાં લઈ માહિતી એકત્રિત કરવામાં આવી હતી આ માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રશ્નાવલી દ્વારા વૃધ્ધોને રૂબરૂ મળી પ્રશ્નાવલીમાં પોતાના અભિપ્રાય જણાવવાનું કહેવામાં આવ્યું હતું. વૃધ્ધોની રૂબરૂ મુલાકાતથી તેમને પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર મેળવવામાં ઉત્સાહ જળવાઈ રહે તેવા વાતાવરણમાં માહિતી મેળવવાનું કાર્ય વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોના અનુકુળ સમય મુજબ વૃધ્ધાશ્રમની પૂર્વમંજૂરીથી પૂર્ણ કરવામાં આવ્યું હતું.

**આંકડાકીય પ્રયુક્તિઓ:**

કોઈપણ પ્રકારના સંશોધનમાં આંકડાશાસ્ત્ર ઘણું જ મહત્વનું છે. સંશોધનને સફળ બનાવવામાં તેની માહિતીનું ધોગ્ય વિશ્લેષણ કરવા માટે અને સાચા અને પ્રમાણિક તારણ તારવવા માટે, આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનું જ્ઞાન સહાયભૂત બને છે.

પ્રસ્તુત અભ્યાસમાં નીચેની આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરી માહિતીની સંખ્યાત્મક અને ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવી હતી જેમાં ANNOVA Test (F) અને 't' કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધન પરિણામો યોગ્ય તથા વિશ્વાસ પાત્ર સ્થિતિઓ વડે તારવી પછી પરિણામોને યોગ્ય સુંદર આકર્ષક રીતે રજૂ કરવા માટે કોષ્ટક વડે તથા યોગ્ય ગણતરી દર્શાવી પરિણામોની રજૂઆતો કરવામાં આવી હતી. તેના તારણો તારવવામાં આવ્યા છે. આ તારણોને આધારે ભવિષ્યના સૂચિતાર્થો કરવામાં આવ્યા છે. અધ્યયનમાં રહેલી મર્યાદાઓ દર્શાવી તેના આંધારે ભવિષ્યમાં અન્ય કેવા સંશોધનો કરી શકાય તે પણ જણાવવામાં આવ્યું છે.

**પરિણામ અને ચર્ચા:**

**વૃધ્ધોના વ્યવસાય (F) અને સામાજિક સમાયોજનનું પરીક્ષણ:**

વૃદ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોને વ્યવસાયના આધારે નીચે મુજબના પાંચ જુથમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

1. ખેતી
2. નોકરી
3. ધંધો
4. કૌશલ્ય
5. મજુરી

**કોષ્ટક નંબર: 86**

**વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભમાં સામાજિક સમાયોજનના મધ્યકો દર્શાવતું કોષ્ટક**

| | | Sum of Squares | df | Mean Square | F | Sig. |
|---|---|---|---|---|---|---|
| Social Adjustment * Business | Between Groups | 1382.77 | 4 | 345.69 | 2.20 | NS |
| | Within Groups | 74589.82 | 475 | 157.03 | | |
| | Total | 75972.59 | 479 | | | |

વૃદ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોની સામાજિક સમાયોજન પર વ્યવસાયની અસર જોવા મળે છે કે કેમ તેની માહિતી ઉપરોક્ત કોષ્ટકમાં રજુ કરવામાં આવી છે. જેમાં જણાય છે કે અહી પ્રાપ્ત F મુલ્ય 2.20 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 175 “વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.”નો સ્વીકાર કરવામાં આવે છે. આ પરિણામને વધારે સ્પષ્ટ સમજવા માટે તેમની વચ્ચે ટી મુલ્ય શોધવામાં આવ્યું છે જે નીચેના કોષ્ટકમાં રજુ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નંબર: 87**

**વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભમાં સામાજિક સમાયોજનના મધ્યકો અને ટી મુલ્ય**

| Business | N | Mean | SD | SEM | SED | t' | Sig. |
|---|---|---|---|---|---|---|---|
| Agricultural Vs Job | 47 | 27.51 | 12.597 | 1.837 | 2.32 | 0.8 | NS |
| | 88 | 29.36 | 12.940 | 1.379 | | | |
| Agricultural Vs Business | 47 | 27.51 | 12.597 | 1.837 | 1.95 | 1.69 | NS |
| | 220 | 30.72 | 12.005 | 0.809 | | | |
| Agricultural Vs Skill Base | 47 | 27.51 | 12.597 | 1.837 | 2.35 | 0.47 | NS |
| | 102 | 28.61 | 13.657 | 1.352 | | | |
| Agricultural Vs Labour | 47 | 27.51 | 12.597 | 1.837 | 3.03 | 2.7 | 0.01 |
| | 23 | 35.70 | 10.267 | 2.141 | | | |
| Job Vs Business | 88 | 29.36 | 12.940 | 1.379 | 1.55 | 0.87 | NS |
| | 220 | 30.72 | 12.005 | 0.809 | | | |
| Job Vs Skill Base | 88 | 29.36 | 12.940 | 1.379 | 1.94 | 0.39 | NS |
| | 102 | 28.61 | 13.657 | 1.352 | | | |
| Job Vs Labour | 88 | 29.36 | 12.940 | 1.379 | 2.91 | 2.17 | 0.05 |
| | 23 | 35.70 | 10.267 | 2.141 | | | |
| Business Vs Skill Base | 220 | 30.72 | 12.005 | 0.809 | 1.5 | 1.4 | NS |
| | 102 | 28.61 | 13.657 | 1.352 | | | |
| Business Vs Labour | 220 | 30.72 | 12.005 | 0.809 | 2.6 | 1.92 | NS |
| | 23 | 35.70 | 10.267 | 2.141 | | | |
| Skill Base Vs Labour | 102 | 28.61 | 13.657 | 1.352 | 3.03 | 2.34 | 0.05 |
| | 23 | 35.70 | 10.267 | 2.141 | | | |

ઉપરોક્ત કોષ્ટકમાં વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોના વ્યવસાયના સંદર્ભે તેમના સામાજિક સમાયોજનના મધ્યકના પ્રાપ્તાંકો રજુ કરવામાં આવ્યા છે.

પ્રથમ તુલનામાં ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 27.51 છે અને નોકરી વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક

સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.36 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.08 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 176 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી.**

બીજી તુલનામાં ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 27.51 છે અને ધંધો ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.72 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 1.69 છે જે સાર્થક નથી તેથી ઉત્કલ્પના નંબર: 177 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધો અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત ધરાવતા નથી.**

ત્રીજી તુલનામાં ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 27.51 છે અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 28.61 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.47 છે જે સાર્થક જોવા મળ્યું નથી. તેથી ઉત્કલ્પના નંબર: 178 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધો અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

ચોથી તુલનામાં ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 27.51 છે અને મજુરી વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 35.70 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 2.70 છે જે 0.01 કક્ષાએ સાર્થક છે તેથી ઉત્કલ્પના નંબર: 179 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને મજુરી વ્યવસાય ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો અસ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધો કરતા મજુરીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધોની સામાજિક સમાયોજનનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે.** જેની પાછળ સંભવિત કારણ હોઈ શકે કે મજુરી કામ કરતા લોકોએ સતત અન્ય સાથે વાતચીત કરવાની રહેતી હોય છે તેમની આસપાસ ઘણા બધા લોકોની હાજરી પણ હોય છે જયારે ખેતી કામ કરતી વ્યક્તિઓ મોટા ભાગે ખેતરમાં મર્યાદિત લોકો સાથે જ કામ કરતા હોય છે જેથી તેમનામાં સામાજિક સમાયોજનનું પ્રમાણ વધારે હોઈ શકે.

પાંચમી તુલનામાં નોકરી કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.36 છે અને ધંધો ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.72 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.87 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 180 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ નોકરી અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **નોકરી કરતા વૃદ્ધો અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

છઠ્ઠી તુલનામાં નોકરી કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.36 છે અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 28.61 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.39 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 181 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ નોકરી અને કૌશલ્ય વ્યવસાય કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા

મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **નોકરી કરતા વૃદ્ધો અને કૌશલ્ય વ્યવસાય કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

સાતમી તુલનામાં નોકરી કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.36 છે અને મજુરી કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 35.70 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 2.17 છે જે 0.05 કક્ષાએ આંકડાકીય સાર્થકતા ધરાવે છે તેથી ઉત્કલ્પના નંબર: 182 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોના વ્યવસાયના સંદર્ભે નોકરી અને મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો અસ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **નોકરી કરતા વૃદ્ધો કરતા મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે.**

આઠમી તુલનામાં ધંધો કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.72 છે અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 28.61 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 1.4 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 182 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ધંધો કરતા અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોની તુલનામાં ધંધો અને વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત ધરાવતા નથી.**

નવમી તુલનામાં ધંધો કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.72 છે અને મજુરી કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 35.70 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 1.92 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 183 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ધંધો કરતા અને મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો

સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **ધંધો કરતા વૃદ્ધો અને મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

દસમી તુલનામાં કૌશલ્ય વ્યવસાય કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 28.61 છે અને મજુરી કરતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 35.70 છે. આ બન્ને વચ્ચેનું ‘ટી’ મુલ્ય 2.34 છે જે 0.01 કક્ષાએ સાર્થક છે. તેથી ઉત્કલ્પના નંબર: 184 “વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ કૌશલ્ય વ્યવસાય કરતા અને મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.” નો અસ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **મજુરી કરતા વૃદ્ધોમાં કૌશલ્ય વ્યવસાય કરતા વૃદ્ધો કરતા સામાજિક સમાયોજનનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે.**

તારણો:

1. **વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા વ્યવસાયના સંદર્ભ ખેતી અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી.**
2. **ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધો અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત ધરાવતા નથી.**
3. **ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધો અને કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**
4. **ખેતીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધો કરતા મજુરીનો વ્યવસાય ધરાવતા વૃદ્ધોની સામાજિક સમાયોજનનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે.**
5. **નોકરી કરતા વૃદ્ધો અને ધંધો ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**
6. **નોકરી કરતા વૃદ્ધો અને કૌશલ્ય વ્યવસાય કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ970252

7. નોકરી કરતા વૃદ્ધો કરતા મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે.
8. કૌશલ્ય વ્યવસાય ધરાવતા વૃદ્ધોની તુલનામાં ધંધો અને વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત ધરાવતા નથી.
9. ધંધો કરતા વૃદ્ધો અને મજુરી કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.
10. મજુરી કરતા વૃદ્ધોમાં કૌશલ્ય વ્યવસાય કરતા વૃદ્ધો કરતા સામાજિક સમાયોજનનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે.

## Reference

– ભટ્ટ, કુસુમબેન કે, (૨૦૦૦), "ચિકિત્સા મનોવિજ્ઞાન ભાગ–૨" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
– ત્રિવેદી, એમ.ડી. અને પારેખ બી.યુ."શિક્ષણમાં આંકડાશાસ્ત્ર' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
– શાહ, દિપક આર.(૨૦૦૯–૨૦૧૦), "મનોવિજ્ઞાનની સંશોધન પદ્ધતિઓ", સી. જમનાદાસની કંપની.
– યાજ્ઞિક એલ.આર. અને ઢીલા બી.ડી., ચોથાણી કે.બી.(૨૦૦૫), સંશોધન પદ્ધતિ(વાર્તનિક વિજ્ઞાનોમાં) અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
– શાહ, વિમળા પી.,(૧૯૮૮), 'સંશોધન અહેવાલ લેખન',યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
– ચાવડા, અર્પિતા જે.(૨૦૧૦), "ગામડા અને શહેરમાં નોકરી કરતા અને સ્વતંત્ર વ્યવસાય કરતા યુવાનોનું કાર્યમૂલ્ય અને આવેગિક પરિપકવતાનો અભ્યાસ", સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર.
– દેસાઈ એચ.જી. અને કે. જી. દેસાઈ : "સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ " યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, છઠ્ઠી આવૃત્તિ ૧૯૯૭.
– સુરેશ પારેખ : "અપ્રાચલિય આંકડાશાસ્ત્ર "પ્રકાશક : એલ.સી. પારેખ : પ્રથમ આવૃત્તિ ૧૯૯૮.